૧૬. અંતિમ અધ્યાય

દૂતો વિધાનસભાની ટિકિટના સમાચાર લાવ્યા ત્યારે જગુભાઈ ગામના બસસ્ટૅન્ડ ઉપર માથે ભીનો નૅપ્કિન ચોંટાડીને બેઠા હતા. હડફડ કરતા આવ્યા હતા પણ નજર સામે જ દોઢની બસ ઊપડી ગઈ અને બીજી બે કલાક પછી હતી એટલે એક જાડી વડવાઈનો ટેકો લઈ પગ લાંબા કર્યા હતા. પાછળથી આ ઘડીને યાદ કરતાં એમને થતું : સાળું, બંને બાજુ કટોકટી હતી. ભાણો જે હાલ દિયોદરમાં મામલતદાર હતો તેને ભૂતકાળમાં પોતે ચમચમ સોટીઓ મારીને ભણાવ્યો હતો. શક્યતા હતી કે આ વાત થોડા સુધારા સાથે ચકચકિત કરીને એને યાદ કરાવવામાં આવે તો ચાર દિવસ રાખે, માલપુડા અને બાસૂદીનાં ભોજન કરાવે અને નીકળતી વખતે પાંચપચીસનો ટેકો કરે. ચાલીસ કિલોમિટર દૂર રાજ્યના પાટનગરમાં સમાંતર કટોકટી ઊભી થઈ હતી. આ મતવિસ્તારની ટિકિટ બાબતે મિટિંગો થતી હતી અને તૂટી જતી હતી. જ્ઞાતિઓ અને સમાજોનાં સમીકરણો બનીબનીને અણઘડ હાથો વડે ભૂંસાઈ જતાં હતાં. ગાળાગાળી અને આક્ષેપોની વચ્ચે બેઠેલા પ્રદેશપ્રમુખને એક તબક્કે જ્ઞાતિની બોર્ડિંગમાં સાથે રહી ભણેલો પોતાનો જૂનો ગોઠિયો યાદ આવ્યો. બાંયો ચડાવી બે હાથે લડવૈયાઓને બે બાજુ ખસેડતાં એમણે કહ્યું, 'એમ હોય તો મારો જગો શું ખોટો ?'

જગુભાઈ, જગુભાઈસાહેબ ક્યાં, એમ સૂંઘતુંસૂંઘતું જીપડું આવ્યું અને ચાર યુવાનો એમાંથી ભૂસકા મારીને નીચે પડ્યા. આ પ્રસંગે જગુભાઈએ જે પરિપક્વતા બતાવી એની પછી ખૂબ પ્રશંસા થઈ અને ચૂંટણીસભાઓમાં એ સંવાદો વારંવાર રજૂ થયા. ગરમી અને કંટાળાને કારણે મગજના સ્નાયુનો લોચો થઈ ગયો હતો એટલે કાર્યકર્તાઓએ કૂદતાંકૂદતાં સમાચાર આપ્યા ત્યારે એમણે થાકેલા અવાજે કહ્યું, 'એમાં કોઈ મોટી વાત નથી.'

ધૂળભરી પાંપણો નચાવતાં એક યુવાન બોલ્યો, 'આપને હાલ અબઘડી અરજન્ટ મુખ્યમંત્રીશ્રીના બંગલે બોલાવ્યા છે.'

જગુભાઈ છાપરી નીચે ઊકળતી ચાની તપેલી સામે જોઈ રહ્યા હતા. એમણે કહ્યું, 'પદિયા, આ છોકરાઓને ચા આલ. આ તેડું પણ એક દાડો આવવાનું જ હતું.'

પાટનગરમાં એ પછી જે બન્યું એની વાત સદસ્યનિવાસમાં કે કોઈ હોટલના ઓરડામાં નીકળે ત્યારે ગ્લાસ ઊંચો કરી એના પ્રવાહીના રંગો અચરજથી તપાસતાં જગુભાઈ સાથીદારોને કહેતા, 'મેં શકુનને ઘણું કહ્યું. ભઈલા, ખૂબ આઘો નીકળી ગયો છું. ટાંટિયા ઝાલીને પાછો આ ડખલામાં શું કામ નાખે છે !' પ્રદેશપ્રમુખનું નામ બે-ત્રણ સંસ્કૃત તત્સમ શબ્દો ભેગા કરીને બનાવેલું હતું પણ જગુભાઈ એમને માટે સ્કૂલના દિવસોના પરિચિત નામનો જ ઉપયોગ કરતા. એ શબ્દ દ્વારા મહાભારતના એક પાત્ર તરફ ઇશારો થતો હતો તેથી સાંભળનારાઓને એમનાં વચનો ઘણાં ગૂઢ લાગતાં. પોતે ખભા ચડાવી 'ના-ના-' કરતા મુખ્યમંત્રીશ્રીના સત્તાવાર નિવાસસ્થાનના એક ઓરડામાંથી નીકળી બીજામાં ભરાય છે અને પકડદાવ રમતા હોય એમ મુખ્યમંત્રી અને પ્રમુખ પાછળપાછળ દોડે છે – સરળતા ખાતર એમણે પોતે પણ આ દશ્યને અધિકૃત ગણી સ્વીકારી લીધું.

પોતે કંઈ કરતા નથી, બધું પોતાની ઉપર થાય છે – એ સત્યનો તીવ્ર અનુભવ જગુભાઈને ચૂંટણી દરમિયાન થયો. આત્મવિશ્વાસ સાથે રમૂજે

પણ માથું ઊંચક્યું હતું એટલે પાટનગરથી નીકળતી વખતે શકુન પાસેથી છેલ્લી એક રાત માગી ત્યારે અભિમન્યુનો ઉલ્લેખ પણ કર્યો. ટિકિટનો ભાર લઈ પક્ષની ગાડી મોડી રાત્રે ગામડે પહોંચી ત્યારે થોડીવાર અંધારામાં ઊભાઊભા એ ઘરની સામે જોઈ રહ્યા. ભેંસો બાંધવાની છાપરી ઉતારી નાખવામાં આવી હતી, નીચે પાથરવા રેતીની ગૂણો સાથે ગધેડાં હાજર થઈ ગયાં હતાં અને દાંત વચ્ચે ચપ્પાં, છરીઓ અને દોરડાં પકડી નટ જેવા માણસો મૂંગામૂંગા મંડપની રચના કરતા હતા. આજુબાજુનાં ગામોના આગેવાનોના ભાર નીચે ખાટલા કિચૂડાટ કરતા હતા. ઑઇલ મિલનો માલિક જયંતી બે ગાડીઓ સાથે આવી ગયો હતો. 'ના ના ! હવે ઊંઘવાનું શાનું !' કહેતા બધા બીજીવારની ચા પીને ઊઠ્યા ત્યારે જયંતી પાછળ રોકાયો. અંધારામાં એમના કાન પાસે હોઠ લાવી એણે પૂછ્યું, 'કંઈ તાત્કાલિક નાનીમોટી સેવા –?' જગુભાઈએ સરળતાથી કહ્યું, 'દોઢસો-બસો ખિસ્સામાં છૂટા હોય તો આલ. કાલથી આપણું હુતુતુતુ શરૂ થશે અને બાપડાં તારાં કાકીને –' જયંતીએ એક બંડલ ઓશીકા નીચે મૂકી દીધું.

બીજા દિવસથી સભાઓ શરૂ થઈ. માઈક્રોફોનની સામે ઊભા રહી જગુભાઈ પોતાની હથેળી તપાસતા અને એમાંથી વાંચતા હોય એમ ધીમેધીમે બોલતા. 'હું તમારો છું, ભાઈઓ, આ માટીનો, આ ધૂળનો, આ વગડાનો.' ઘેર કોઈ એક ડઝન ખુરશીઓ નાખી ગયું. ઘઉં-ચોખાની બોરીઓ રાતના અંધારામાં આવીને ઘરમાં પેસી ગઈ. ખાટલા, ગાદલાં અને ઓછાડ આવ્યાં. કોઈ ગૅસની સગડી અને બાટલા મૂકી ગયું. એક રાત્રે થાકેલા જગુભાઈને બે માણસોએ ઊંચા કરીને બગલેથી પકડી રાખ્યા અને દરજી માપ લઈ ગયો. બીજા દિવસે એક ડઝન ધોતીઝભ્ભા આવ્યાં. સભાઓમાં એ પ્રશ્નો કરતા, 'આ ખોળિયું બામણનું એની ના પડાય નહીં પણ બીજી કઈ રીતે હું બામણ એ, ભાઈઓ, તમે મને સમજાવો.' એ ગાલ ઉપર તમાચા મારતા. 'હું તો ખેડૂત છું, કોળી છું.' પોતાના મુદ્દાને વધારે સ્પષ્ટ કરવા માટે એ વનસ્પતિશાસ્ત્રનો આશરો લેતા. 'નીલગિરિ નથી,

ગુલમહોર નથી, બાવળ છું, વરખડો છું, કંથેર છું. આ ભૂમિનો, આ આ મારી –' ગળામાં અટક્યું હોય એને બે ગ્લાસ પાણી વડે ધોઈ નાખી એ હાકોટો કરતા. 'ટૂંકમાં વાત એટલી, ભાઈઓ, કે આપણે સાથે બેઠા થવાનું છે.'

પ્રચારના છેલ્લા દિવસોમાં પ્રકાશનું કૂંડાળું દેખાવા લાગ્યું તે પરિણામ પછી સ્પષ્ટ થઈ ગયું. શરીર, મન બધેથી ભાર ઓગળીને ધોવાઈ ગયો હતો. કોઈ વિસંગતતા રહી નહોતી. બધી ગાંઠો-ગૂંચો ઊકલી ગઈ હતી. આંખોનો રંગ બદલાયો એમાં એ પોતાની જીવનકથાને જુદી રીતે જોવા લાગ્યા. અમુક ભાગોને બાદ કરી બાકીનાને વ્યવસ્થિત રીતે ગોઠવી યોગ્ય દૃષ્ટિએ જોવામાં આવે તો પોતે વિદ્વાન બ્રાહ્મણના પુત્ર હતા. પિતાના ખોળે બેસી ભક્તો અને સંતોના પ્રસંગો સાંભળ્યા હતા. થોડું સંસ્કૃત લોખંડના સળિયાઓની જેમ શરીરમાં ઊતરી ગયું હતું. કોઈ નાના ગામડે નહીં પણ તળ અમદાવાદની હાઈસ્કૂલમાં અને ત્યાંથી પણ આગળ બધી મુંબઈની વિલ્સન કોલેજમાં દોઢેક વર્ષનું અંગ્રેજી શિક્ષણ લીધું હતું. લૉર્ડ મેકૉલે અને એડમન્ડ બર્કનાં નામ આવડતાં હતાં. 'બ્રુટસ ઇઝ એન ઑનરેબલ મૅન'વાળી આખી સ્પીચ મોઢે હતી. 'ગુજરાતનો નાથ' જેવી પચીસેક ચોપડીઓ હજુ ઘરમાં રખડતી હતી. પિતાની જમીન વેચી મુંબઈમાં કરેલા પ્રયોગો તથા તાલુકા પંચાયતના ડેલિગેટ તરીકે બાર મહિના રહ્યા ત્યારે જે બન્યું – એને સત્ અને અસત્ વચ્ચેના સંગ્રામ તરીકે ગણી શકાય. આમ પસંદગીના ભાગો લઈ નાનું પણ સુરેખ જીવનચરિત્ર બનાવ્યું. એ જ રીતે ભૌતિક શરીરનું પણ સંશોધન થયું. એમનું નિવાસસ્થાન કાર્યકર્તાઓથી ભરેલું રહેતું એમાં વીજળી અને રોજગાર જેવા પ્રશ્નોની વચ્ચે જગુભાઈના પહેરવેશ વિશે પણ સૂચનો થતાં. ધોતી છોડી લેંઘો પહેરે તો સાહેબ દસ વર્ષ નાના લાગે. જગુભાઈને હસવું આંવ્યું – અરે ગાંડા છોકરાઓ ! ભેદી સ્મિત સાથે એક દરજી આવ્યો તે લેંઘા-ઝભ્ભા સાથે પાટલૂન અને સિલ્કના બૂશકોટ મૂકી ગયો. કાપડ ક્યાંથી આવ્યું, નરસિંહ

મહેતાની સિલાઈના પૈસા કોના વડે ચૂકવાયા – એવા પ્રશ્નો નવા વ્યાકરણમાં કરવા એ ઉચિત નહોતું. બાવન વર્ષની ચામડીના લીરા બે બાજુ ઉછાળવામાં આવતા હતા. એની વચ્ચેથી લીલોભીનો જગુભાઈ આંખો મસળતો ચારે બાજુ જોતો હતો.

વિધાનસભામાં એ આંખો મીંચીને બેસી રહેતા. ક્યારેક બોલવાનું આવે તો કહેતા, 'ભાઈઓ, આપણે ખેડૂતનો વિચાર કરવાનો છે. એનાથી પણ પહેલાં, જે છેલ્લો બેઠો છે, ગામના કૂંડાળાની અડધો બહાર, એવા મારા ખેતમજૂરભાઈનો વિચાર કરવાનો છે.' આવું બોલે ત્યારે ચામડીનાં છિદ્રો ખૂલી જતાં. એ છિદ્રોને વધારે ખોલી સંવેદનશીલતા વધારવા માટે અઠવાડિયામાં બેવાર રાત્રે મોડેથી એક સેવક આવતો. 'મારે આ ઉંમરે આ શું – આખા શરીરે અને મોઢે ધોળા-પીળા મલમના લપેડા ?' – એવો વિરોધ કરતા જગુભાઈ હસીને લાંબા થઈ જતા. કારીગર સમજાવતો. 'કાકા, ચામડી નીચે દસકાઓના મેલ હોય એ નીકળી જાય.' આવી એકએક બેઠક પછી બાદબાકીના દાખલા ગણાતા. સાહેબ પાંચ વર્ષ નાના લાગે છે. સાહેબ છોકરા જેવા લાગે છે. જગુભાઈ કહેતા – 'બસ, આટલે અટકો. શૂન્યની નીચે જતા નહીં.' એક રાત્રે એમણે પ્રારંભમાં વિરોધ કર્યો પણ બે સમવયસ્કોએ બાવડેથી ઝાલી રાખ્યા એટલે હસવાનું શરૂ થયું તે માથું રંગાયું ત્યાં સુધી ચાલુ રહ્યું. એ સમજતા હતા, જિંદગી જાતે પોતે બાળક જગુને ખોળામાં લઈ લાડ લડાવી રહી હતી.

ફોટોગ્રાફરોને એમના ચહેરામાં રસ પડતો. છેલ્લાં થોડાં વર્ષોના રઝળપાટે મોંને સૂકવીને ઊંડી નીકો બનાવી હતી. કારીગરોએ ઘસીને એ બધું સાફ કર્યું એ પછી જે રેખાઓ દેખાઈ તે વેદનાયુક્ત ડહાપણમાં ખપે એવી હતી. ઉનાળામાં જરૂર પૂરતા ઊઘડતા બારણાની જેમ પાંપણો ઢળેલી રહેતી અને હોઠનો ડાબો ખૂણો ફરકતો રહેતો. કાચમાં આ ચહેરો જોતાં જગુભાઈને પુનર્જન્મનું રહસ્ય સમજાતું. છાપામાં વારંવાર એમની તસવીરો આવતી એ માટે રાજકીય સ્થિતિ પણ જવાબદાર હતી. પાટનગરમાં સત્તાનાં

ત્રાજવાંનું જે ડોલન ચાલતું હતું તે જગુભાઈને પ્રતિકૂળ નહોતું. પક્ષમાં ઊભી તિરાડ પડેલી હતી. એની બરોબર વચ્ચે, માળામાં પોઢેલા પંખીની જેમ તેઓ નિરાંતે ગોઠવાયેલા હતા.

એમના મતવિસ્તાર ઉપરાંત રાજ્યના અન્ય ભાગોમાંથી પણ લોકો પ્રશ્નો લઈને આવતા. રજૂઆત સાંભળીને જગુભાઈ, પાસે બેઠેલા જુવાન અનુયાયીને કહેતા, 'ક્યા ખાતામાં આવે, 'લ્યા ? ફોન જોડ.' ફોનમાં સામા છેડેથી બોલાય એ સાંભળ્યા વગર એ આટલું જ કહેતા, 'ખેડૂતનો છોકરો છે. એનું કામ નહીં થાય તો કોનું થશે ?' સરળતા ખાતર ઉદ્યોગપતિઓને પણ એ ખેડૂતપુત્રના વર્ગમાં જ મૂકતા. સાત પેઢીમાં કોઈએ હળ જોયું નથી એ વીગત તરફ ધ્યાન દોરવામાં આવે તો એ કહેતા, 'અરે ભાઈ ! આપણે કહીએ કે આ અને તે, આપણે નામ આપ્યાં કે ઉદ્યોગ અને બીજું કંઈક પણ છેવટે તો બધું ફરીફરીને ખેતી પાસે જ આવે છે. કોઈ ફેર નથી. બધું એક જ છે.'

એકત્વનો આ રંગ એમને ઉપાડીને કોઈ રાત્રે પાટનગરથી દસ કિલોમિટર દૂર ગણેશના ફાર્મમાં લઈ જતો. ગણેશ એમનો ઉત્સાહી અનુયાયી હતો. મોટી ખેતી ઉપરાંત જુદીજુદી ત્રણ ફૅક્ટરીઓ હતી. હાથમાં પ્યાલીઓ સાથે બંને બગીચામાં બેસે ત્યારે ગણેશને ચિંતા થતી. સાહેબને શું મૂંઝવણ હતી, મન કેમ કોરાતું હતું એ સ્પષ્ટ થતું નહોતું. બધી રીતે સાહેબને અનુકૂળતાઓ કરી દેવી એવો ગણેશનો પ્રયત્ન હતો. જે ખુરશીમાં સાહેબ બેઠા હોય એ કોઈ રીતે અગવડ કરનારી ન હોવી જોઈએ, પવન એમને અનુકૂળ હોય એ જ દિશામાંથી અને તેટલી જ માત્રામાં આવવો જોઈએ. હૃદય અને લાગણીના ભાગોમાં પણ એ ટેકા આપી ઓશીકાં ગોઠવતો. આંખો ઝીણી કરી એમના ચહેરાની લિપિ ઉકેલવા એ પ્રયત્ન કરતો. ગામનું ઘર જીર્ણ થઈ ગયું હતું. એક છોકરો રેલવેમાં કારકુન અને મોટો થોડું ઓછું ભણેલો તે સ્ટેટ ટ્રાન્સપોર્ટમાં કંડક્ટર હતો. સાહેબને સ્વાર્થ ન હોય, મારુંતારું ન હોય, પણ દુનિયાદારીની દૃષ્ટિએ વિચારવું જોઈએ.

જગુભાઈને શબ્દ જડ્યો, 'લોકાપવાદ ?'

'સાવ નરસી મહેતા બનીને બેસી રહો એ આજના જમાનામાં નહીં ચાલે.'

જગુભાઈને આ જુવાનનો સ્વભાવ ગમતો હતો. એનામાં ધગશ હતી, મહત્ત્વાકાંક્ષા હતી. એમણે હસીને કહ્યું, 'આજના જમાનામાં શું ચાલે અને શું ન ચાલે એ, ગણેશ, તારે મને સમજાવવું પડશે.'

ગણેશે કહ્યું, 'પહેલું તો એ કે ગામ બહુ છેટું નથી. પંદર દહાડે ટાઇમ કાઢીને આંટો મારી આવવો. બીજું એ કે કોઈને કહીને બે કુમારો માટે શોભતી નોકરીનું ગોઠવવું. આખી દુનિયાનાં કામ કરો છો. તમારાથી ના થાય એવું હોય તો મને કહી દો.' રીસથી બોલાયેલા આ શબ્દો સાંભળી જગુભાઈને હસવું આવ્યું. 'લે, તને કહ્યું.' ગણેશ ઊભો થઈ ગયો. 'હજુ તમે મને ઓળખતા નથી. નવી ફૅક્ટરી ઊભી કરીશ. એમાં વગર પૂછ્યે તમારો આઠ આની ભાગ રાખીશ. તમે મને શું કરી લેવાના છો ?'

રાત્રે મોડે સુધી ચા-નાસ્તા ચાલતા. નોકર અને રસોઈયાના પગાર કોણ આપતું હતું એની જગુભાઈને પૂરી ખબર નહોતી. ગામડાં બેઠાં કરવાની, કારીગરોને ઊભા કરવાની, ખેતમજૂરોની કેડો ભાંગી ગઈ હતી તેનું સમારકામ કરવાની વાતો કરી મુલાકાતીઓ સંતોષ સાથે ઊભા થતા. એવી એક રાત્રે સહુ વિદાય થયા પછી જગુભાઈ બે હાથ ઊંચા કરી ઝભ્ભો કાઢવાનું કરતા હતા ત્યાં બારીમાંથી નજર પડી એટલે સળિયા પાસે માથું લઈ જઈને એ જોઈ રહ્યા. પછી હળવેથી પૂછ્યું, 'બોલ બેન, તું કોણ છે ?'

ઓટલા ઉપર અંધારામાં એકલી બેઠેલી છોકરીએ કહ્યું, 'અહીં જાસૂદના બે છોડ વાવ્યા હોય તો ?'

આંખો ખેંચવી પડતી હતી એટલે એમણે કહ્યું, 'તું જે હોય તે, પહેલાં અંદર આવ.'

એ આવીને બારી પાસે ખુરશી ખેંચીને બેસી ગઈ. જગુભાઈએ આંખો ચોળી ત્યારે એ ગુરુત્વાકર્ષણનું ઉલ્લંઘન કરી ઊંચે હવામાં સ્થિર

થઈ. એના રંગો પણ ગુલાબી અને કેસરી બની ગયા. જગુભાઈએ પ્રશ્નને ઉથલાવ્યો, 'તું છે કોણ ?'

કશાય અનુસંધાન વગર ઘણા વિષયોની વાતો થઈ. નામ યશુ હતું. આ સરકારી ચિત્રો અને કેલેન્ડરો કાઢી નાખી, સરખાં બે જ ચિત્રો સામસામી ભીંતે લટકાવવામાં આવે. હજાર જાતના માણસો સાથે આટઆટલી માથાકૂટ કરવી પડે તે માથું પાકી ન જાય ? મા પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતી. એની બદલીનું ગૂંચવાયું હતું. ભીંત ઉપર નાનો ઘોડો, એમાં થોડી ચોપડીઓ અને સરસ્વતીનું ચિત્ર. આટલું તો જોઈએ જ. બી.કોમ. કર્યું પણ નોકરીઓ ક્યાં છે ? એનું પણ થશે – એવું જગુભાઈ બબડ્યા પણ એમને ખૂબ એકલું લાગ્યું. એમણે કહ્યું – આ રાત. આ બધું દેખાય છે એટલું સારું નથી. હું બહારથી દેખાઉં છું એટલો સીધો નથી. તું જઈશ પછી પીવા બેસવું પડશે. છોકરીએ હસીને કહ્યું – એને તમે ખરાબ ગણો છો ? જગુભાઈએ કહ્યું – ઘેર મૂકવા ગાડી મોકલીશ પણ તું બેસ. ના, સામે જ બેસી રહે. ઊઠવાનું નથી. અરે ! આમ કેમ કરો છો ? ઓછી નાસી જવાની છું ? કાલે ફરીથી આવીશ. શિક્ષણસમિતિમાં ફોન કરાય ? જગુભાઈએ કહ્યું – શિક્ષણ શું, સલામતી સમિતિમાં પણ કરાય. મારે તને કંઈક કહેવાનું છે.

યશુ જે કામ લઈને આવી હતી એ તો ખૂબ નાનું હતું. એક ફોન થયો અને ગામડેથી એની વિધવા માની બદલી પરાની એક સ્કૂલમાં થઈ ગઈ. કબૂતર ખુશ ? આંખમાં પાણી સાથે યશુએ કહ્યું – ખુશ. હાથમાં પેંડાના પડીકા સાથે એ બેઠી હતી. બપોરનો સમય હતો. બીજા મુલાકાતીઓ નહોતા. ઘરમાં ખૂબ શાંતિ હતી.

જગુભાઈ નીચું જોઈને બેઠા હતા. એમણે કહ્યું, 'કામ તો થઈ ગયું. હવે ?'

'તમે કાલની ચિંતા શા માટે કરો છો ? આજની વાત કરો. આમ ઊંચું જુઓ.'

'ઊંચું જોઉં અને તું ન હોય તો ?'

યશુ બે-ત્રણ દિવસે આવતી અને ઘરમાં છૂટથી ફરતી. રસોડામાં મહારાજને ખસેડી એ નાસ્તો બનાવતી. ક્યારેક બધાંની વચ્ચે બેસી તટસ્થતાથી રાજકારણની વાતો સાંભળતી ત્યારે જગુભાઈ એ ચહેરા સામે જોયા કરતા. ચિત્ત ઉપર યશુના શરીરનું, મનનું, આત્માનું પ્રતિબિંબ સતત પડ્યા કરતું હતું. અચાનક બધાંની વચ્ચેથી ઊઠીને એ બહાર જતી અને બગીચામાં બેસીને ચોપડી વાંચતી. એણે એકવાર હઠ કરી. છો ગમે તેટલા મોટા માણસ રહ્યા. એક મુલાકાત મારા ઘરની લેવી પડશે. મમ્મીને તમારો આભાર માનવો છે. બીજા જ દિવસે જગુભાઈ ઘર શોધતા શોધતા પહોંચ્યા. યશુ શરમાતી બેસી રહી અને ચમચીથી બટાકાપૌંઆ મોંમાં ઓરતાં એમણે એની માને કહ્યું 'તમારે કોઈ જાતની ચિંતા કરવી નહીં.' માએ કહ્યું, 'આટલા મોટા માણસને વધારે તો શું કહેવાનું હોય પણ એટલું કે એને જરીક સાચવજો. ભોળી છે.' યશુ ગાડી સુધી મૂકવા આવી. બારણું બંધ કર્યા પછી બારીમાંથી માથું નાખીને એ ધીમેથી બોલી, 'સમજણ પડીને ? હું ભોળી છું.'

મંત્રીશ્રીઓની ઑફિસોમાં જગુભાઈ ચર્ચા કરતા હોય ત્યારે યશુ નાની ડાયરી કાઢી એમાં ચિત્રો દોરતી. કોઈ અર્થ વગરનાં, વ્યાકરણને ઊંધુંચત્તું કરતાં સુવાક્યો લખતી અને ટેબલ નીચે એમના ખોળામાં ખૂબ ગંભીરતાથી સરકાવતી, આ જુઓ. જરૂર જણાય ત્યાં જગુભાઈ એનો પરિચય આ રીતે આપતા : બિચારી દુખિયારી છે. બહાર નીકળતાં યશુ પૂછતી, 'હું દુખિયારી છું એવું તમે કેવી રીતે નક્કી કર્યું ?' જગુભાઈ કહેતા, 'મારી સાથે ભાષાની બાબતે માથાકૂટ કરવી નહીં. અંદરથી સૂઝે તે બોલું છું. બધું ભ્રષ્ટ બની ગયું છે, બધા ચોર છે, અમારાવાળા તો ખાસ. કોઈ બાકી નથી, હું પણ અપવાદ નથી, બોલ, હવે આગળ સાંભળવું છે ?' એક સાંજે સચિવાલયની લિફ્ટમાંથી બહાર નીકળતાં યશુને ઊભી રાખી અને કહ્યું, 'મારું અવિચારી મન આજે તો એક નવી જ વાત કરે છે. એ

કહે છે યશુ, આજની રાત રોકાઈ જાય. ગણેશલાલનું ફાર્મહાઉસ ખાલી છે –'

મહિને એકાદવાર ગામ જાય ત્યારે ઘરની બહાર ખાટલા નખાતા. ગામના ગ્રેજ્યુએટ છોકરાઓને ઉત્સાહથી હડીઓ કાઢતા જોઈ જગુભાઈ વિષાદથી માથું ધુણાવતા. ખોટા ટાંટિયા તોડો છો. નથી, ભાઈઓ, નોકરીઓ ક્યાંય નથી ! એમના સમકાલીનો કાલા થતા. એ જગાભૈ ! કાંક અંદરના દાવપેચની વાતો તો કરો ! આ છાપાંવાળા લખે છે એ સાચું ? ભલા'દમી, તમારે અને પરધાનોને તો બેઠકઊઠક ! જગુભાઈ કહેતા – બધા સાળા ચોર નીકળ્યા. દાંત કાઢતાં સહુ વિદાય લે પછી કંડક્ટર પુત્ર નજરે પડતો. ડોલ ભરી બહાર ચોકડીમાં બેઠોબેઠો આખા દિવસની નોકરીની ધૂળ ઉપર પાણી ચોપડતો હોય તે વચ્ચેવચ્ચે કાળી દષ્ટિએ બાપની સામે જોતો. જગુભાઈ એને પૂછતા, 'કેમ કતરાઓ છો, કુંવર ? અડધું રાજપાટ જોવે છે ?' છોકરો ગોદડી લઈને છાપરે જઈ પડે પછી છેલ્લા એક અનિવાર્ય પાત્ર સાથે બેઠક થતી. અત્યાર સુધી પાછળ અંધારામાં ફરતાં હોય એ આવીને પાંગથ પાસે બેસતાં.

'તમારે શું છે ? તમારે કોઈ પ્રશ્ન છે ? આંદોલન કરવું છે ?'

એ માથું ધુણાવતાં બેસી રહેતાં.

એકવાર એ બબડ્યાં, 'લોક વાતો કરે છે.'

'કેવી વાતો ?'

'હજાર જાતની.'

'પણ આમ કેવી ?'

'આડીઅવળી.'

જગુભાઈને પહેલાં તો ખૂબ હસવું આવ્યું. થોડીવાર પેટ ઉપર ઢોલ વગાડ્યું, પછી એ ગંભીર બની ગયા, 'જુઓ, આમાં એવું છે કે દેશમાં ચારે બાજુ ખૂબ ખોટું ચાલી રહ્યું છે અને બધા સાળા હરામી છે. તમને મારી એટલી સલાહ કે ઘેર બેઠાં તમારે ખોટા વિચારો કરવા નહીં અને

સંતાપ કરવો નહીં.'

જવાબ મળ્યો નહીં એટલે થોડીવારે પૂછ્યું, 'સમજ્યાં ?'

'હા.'

'તો જાઓ. છાનાંમાનાં સૂઈ જાઓ અને ભગવાનનું નામ લો.'

પગ ઉપર ધીમેધીમે હાથ ફરતો રહ્યો અને જગુભાઈને નીંદર આવી ગઈ.

છેલ્લેછેલ્લે જે વિકાસ થતો હતો તેથી વફાદાર ગણેશ ખુશ હતો. એણે એકવાર કહ્યું, 'આ સારું ગોઠવાઈ ગયું, સાહેબ. જાહેર જીવનમાં આની ખાસ જરૂર.' જગુભાઈ ડોકી નમાવીને એની સામે જોઈ રહ્યા. 'તારો શું વિચાર છે ? રાખડી બંધાવવી છે ?' 'મારી તો એટલી જ ભાવના છે કે આપને ઇચ્છા થાય ત્યારે આવો અને... આરામ કરો.' અહીં એને ન સમજાય એવું કંઈક બન્યું, 'સાહેબની આંખોમાં પાણી ?' 'આપણી પાસે સમય નથી, ગણેશકુમાર, સમય નથી.'

યશુનો મીઠો સ્વર ચારે બાજુથી ઘેરતો હતો. એને હઠાવીને દૂરના એક ખૂણામાંથી હમણાંહમણાં બીજો કર્કશ અવાજ આવવા લાગ્યો હતો. ક્યારેક સવારે નરણા કોઠે પીવાનું શરૂ થતું. સોના જેવા પ્રવાહીની આરપાર છોકરીનું જે રૂપ દેખાતું એ જ સાચું હતું. પોતે ક્યાં હતા અને શું હતા ? મેરા મુઝમેં કુછ નહીં – એક સવારે એમણે ખાલી ગ્લાસ લંબાવ્યો. બીજો પૅગ બનાવ, જો લાગે સો તોય, આ અવાજ શાનો છે ? યશુએ કહ્યું – પ્રજા આંદોલિત બની છે. એ સરકારી ઑફિસો તોડે છે. ફર્નિચર બાળે છે. જગુભાઈએ કહ્યું, પ્રજા ખોટી નથી, લાલી દેખન મેં ગઈ, આવ, અહીં બેસ. ઉપરાઉપરી પક્ષની બેઠકો યોજાવા લાગી, સહીઓથી મોટા ચોપડા ભરાયા, ઉત્સવ હોય એમ ગામેગામ ખેડૂતો અને મજૂરોની રેલીઓ યોજાઈ એમાં અડધી ઢળેલી આંખે, અસ્પષ્ટ બબડાટ કરતા, મંદ હસતા માણસો ઝૂમવા લાગ્યા. નર્તકો ઉપર પહેલાં લાઠીચાર્જ અને પછી ગોળીબાર થયા.

આંખોની પાતળી તિરાડમાંથી જગુભાઈ આ બધું જોતા હતા. ભીંતો

તૂટતી હતી, ભડકા ઊઠતા હતા, પણ સત્ય એનાથી દૂર બીજે ક્યાંક હતું. એને સમજવા માટે યશુના સહયોગમાં પૂરા ત્રણ દિવસની શિબિર યોજવામાં આવી. ભોજન અને બીજી જરૂરી વ્યવસ્થા કર્યા પછી ગણેશ નોકરોના ધણને આગળ કરીને ચાલ્યો ગયો હતો. એ એકાંતમાં થોડીથોડી વારે આગની જેમ સુખ લપકારા મારતું હતું. ઊભા નથી થવું. ખાવું નથી. તું અહીં જ બેસી રહે. તારાં વસ્ત્રો, પછી ચામડી અને એ પછી હૃદય-મનનાં પડ ઉકેલ્યે જા. સત્ય દૂર નથી, બસ આ રહ્યું, આ અજવાળું –

તે રાત્રે ઘરમાં અને બહાર અંધારું હતું. બધી બત્તીઓ બુઝાવી દેવામાં આવી હતી. અંધારામાં હાસ્ય ખડખડ થતું હતું અને જગુભાઈ એક ઓરડામાંથી બીજામાં એની પાછળ દોડતા હતા. ક્યાંક એકાદ વસ્ત્ર હાથમાં આવતું હતું, અંધારામાં ગાલ ઉપર કેશનો સ્પર્શ થઈ જતો હતો. એમ ભટકતાં છેવટે ધાબા ઉપર જઈ એમણે છલાંગ મારી અને હરણ હાસ્યના ચિત્કાર સાથે નીચે પડ્યું. મારે તને પામવી છે, યશુ, પણ આ શું ? દિશાઓ કેમ સળગી છે ? બંને ઊંચાં થયાં અને પાટનગરમાંથી ઊઠતી જવાળાઓ સામે જોઈ રહ્યાં. કદમાં થોડા નાના ભડકા આજુબાજુનાં ગામડાંમાંથી પણ ઊઠી રહ્યા હતા. આ બધું શું છે, યશુ ? આગના દેવતા શાનો ઉત્સવ મનાવે છે ? જેને એ વૈશ્વિક તત્ત્વોની અટપટી રમત સમજતા હતા એનો સરળ અર્થ યશુએ ટીવી ચાલુ કરીને કાઢી આપ્યો. પ્રજા આનંદી રહી છે. અસુરનો વધ થયો છે. જગુભાઈએ મનને એકાગ્ર કરી ખૂબ રસ સાથે કહ્યું – હજુ આને સરળ બનાવ. યશુએ કહ્યું – વિધાનસભાનું વિસર્જન થયું છે. આગ પછી વરસાદનો વારો આવ્યો. જગુભાઈએ વિસ્મયપૂર્વક કહ્યું – જો, સાંભળ યશુ, આકાશ અને પૃથ્વી પણ ગરબામાં જોડાયાં.

જગુભાઈને ઊંઘ મીઠી આવી ગઈ. જાગ્યા ત્યારે આછો ઉજાસ ઓરડામાં હતો. ઓશીકા ઉપર પોતાના ગાલની પાસે કેશનો ઢગલો નહોતો એટલે પથારીમાં બધે હાથ ફેરવ્યો. મનમાં એક સૂર ઊઠ્યો અને ઊભા થયા. લથડતા પગે આખું ઘર ફરી વળ્યા. પછી બહાર નીકળ્યા. ઘરની

ચારેબાજુ લીંબુ અને ચીકુની વાડી હતી. વરસાદ મંદ પડ્યો હતો પણ અટક્યો નહોતો. રમતિયાળ ચાલે એ ધીમેધીમે, રસથી, રમૂજ સાથે બધે ફર્યે ગયા. મોં ઉપરથી પાણી લૂછી એમણે કોઈ પક્ષીનો અવાજ કાઢી ટહુકો કર્યો – ય...શુ ! આમ કોઈ સવારે અડધાં વસ્ત્રે યશુ વાડીમાં એમને સંતાકૂકડી રમાડતી. પહેલાં ધીમેધીમે અને પછી વ્યગ્રતાથી એ 'યશુ યશુ' બબડતાં બધાં ઝાડની પાછળ જોઈ વળ્યા – ક્યાંય એક લટ, ક્યાંય વસ્ત્રનો કે હાસ્યનો ટુકડો કોઈ ઝાડની પાછળથી મળે છે ? નાના છોડ પણ ફેંદ્યા પછી એ માટીમાં રગદોળાતા બેસી રહ્યા અને વરસાદ આંખો મારફતે ગાલ ઉપર ઊતરવા લાગ્યો.

❐